આઈસીડીએસ યોજના અંતર્ગત પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ની ખાલી જગ્યાનો ચાર્જ સોંપવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પરિપત્ર ક્રમાંક : **WCDD/DRA/e-file/23/2023/1268/B1**

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા :

1. વિભાગની તા.૨૪/૦૪/૨૦૧૮ ના પરિપત્ર ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૬/૧૫૦૨/બ-૧

//પરિપત્ર//

વંચાણે લીધા (૧)થી પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ ની ખાલી જગાનો ચાર્જ સોંપવાની બાબતે આપેલ સૂચનાઓ રદ્દ કરી નવી સૂચનાઓ બહાર પાડવાની બાબત વિચારણા હેઠળ હતી, જે નીચે મુજબ છે.

૨. જિલ્લા પંચાયતમાં નિયમિત પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ની જગા ખાલી હોય કે રજા વગેરે કારણોસર કોઇ અધિકારી ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં વહીવટી અનુકૂળતા જળવાય રહે અને આઈ.સી.ડી.એસ.ની યોજનાકીય કામગીરીમાં ખલેલ ન પડે તે ધ્યાને રાખી ખાલી જગ્યાનો ચાર્જ આ વિભાગ હેઠળના સંબંધિત જિલ્લાના **WCO** (મહિલા અને બાળ અધિકારી, વર્ગ-૧) કે **CDPO** (બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨)ને જિલ્લા વિકાસ અધિકારીએ આપવાનો રહેશે. જો આ અધિકારીઓની જગા પણ જિલ્લામાં ભરાયેલી ન હોય તો વર્ગ-૧ની જગાનો ચાર્જ દહેજ પ્રતિબંધક અધિકારી સહ-રક્ષણ અધિકારી,વર્ગ-૨ ને વધારાનો હવાલો આપી ચાર્જ સોંપવાનો રહેશે.

૩. જે કેસમાં મહાનગરપાલિકામાં ફરજ બજાવતા પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ની જગા ખાલી હોય કે રજા વગેરે કારણોસર કોઇ અધિકારી ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં વહીવટી અનુકૂળતા જળવાય રહે અને આઈ.સી.ડી.એસ.ની યોજનાકીય કામગીરીમાં ખલેલ ન પડે તે ધ્યાને રાખી ખાલી જગ્યાનો ચાર્જ આ વિભાગ હેઠળના જે તે શહેરી વિસ્તારમાં ફરજ બજાવતા **WCO** (મહિલા અને બાળ અધિકારી, વર્ગ-૧) કે **CDPO** (બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨)ને સંબંધિત મ્યુનિસિપલ કમિશનરે સોંપવાનો રહેશે. જો આ અધિકારીઓની જગા પણ જિલ્લામાં ભરાયેલી ન હોય તો વર્ગ-૧ની આ જગાનો ચાર્જ (વધારાનો હવાલો) દહેજ પ્રતિબંધક અધિકારી સહ-રક્ષણ અધિકારી,વર્ગ-૨ ને સોંપવાનો રહેશે

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૦૫/૦૮/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

eSign
Signed by: HINGU KRUNAL RAMESHCHANDRA
Organization Unit: Women and Child Development Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 08-Aug-2024 (04:27 PM)

(કૃણાલ હિંગુ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. માન.મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
3. કમિશ્નરશ્રી(આઈસીડીએસ), મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. નિયામકશ્રી(મહિલા વિંગ), મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન,.............
6. તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ............
7. તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ............
8. એકાઉન્ટ જનરલશ્રીની કચેરી, રાજકોટ/અમદાવાદ
9. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
10. તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.............
11. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
12. શાખા સિલેક્ટ ફાઈલ.

eSign
Signed by: HINGU KRUNAL RAMESHCHANDRA
Organization Unit: Women and Child Development Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 08-Aug-2024 (04:27 PM)